ગુજરાત સમાચાર (ગાંધીનગર આવૃત્તિ), પાના નં. ૦૬ તા. ૦૪.૦૮.૨૦૨૫

### ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આડેધડ પાર્કિંગ અટકાવવા

# પાટનગરના મેટ્રો સ્ટેશનની આસપાસના ૧૯ સ્થળોએ પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરાશે

ગાંધીનગર, રવિવાર

ગાંધીનગર શહેરમાં પણ મેટ્રો દોડતી થઈ ગઈ છે ત્યારે આ સ્ટેશનની આસપાસ આડેધડ વાહન પાર્કિંગ અટકાવવા માટે મહાનગર પાલિકા દ્વારા સ્ટેશનોની નજીક ૧૯ સ્થળોએ પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૭૦૦ ફોર વ્હીલર અને ૧૪૦૦ ટુ વ્હીલરની સાથે ૧૪ મોટા વાહનો પાર્ક થઈ શકશે.

## ૭૦૦ ફોર વ્હીલર, ૧૪૦૦ ટુ વ્હીલર અને ૧૪ મોટા વાહન પાર્ક થઈ શકે તે પ્રકારે આયોજન થશે : પાર્કિંગ પ્લેસની સુરક્ષા માટે ફેન્સિંગ અને બોલાર્ડ મૂકી નિયંત્રણ કરાશે

અમદાવાદ બાદ ગત વર્ષથી ગાંધીનગરમાં પણ મેટ્રોની સેવા શરૂ થઈ ગઈ છે અને હાલ સચિવાલયથી મોટેરા સુધીનો રૂટ શરૂ પણ થઈ ગયો છે. આવનારા દિવસમાં મહાત્મા મંદિર સુધી પણ મેટ્રો રેલની સેવા શરૂ થઈ જવાની છે. આ સ્થિતિમાં મેટ્રો દ્વારા સ્ટેશનોની ફરતે કોઈ પાર્કિંગની સુવિધા રાખવામાં આવી નથી. જેના કારણે ઘણી જગ્યાએ વાહન પાર્કિંગની સમસ્યા ઉદભવી રહી છે. લોકો વધુને વધુ આ સેવાનો લાભ લઈ રહ્યા છે ત્યારે ગાંધીનગરમાં મેટ્રો સ્ટેશનની આસપાસ પાર્કિંગનો પ્રશ્ન ન ઉત્વે તે માટે મહાનગરપાલિકા દ્વારા સ્ટેશનોની આસપાસ ૧૯ સ્થળોએ પાર્કિંગની વ્યવસ્થા ઉભી કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ગઈકાલે ગાંધીનગરના સ્થાપના દિવસ નિમિત્તે મહાનગરપાલિકા દ્વારા ખાસ વિઝન ડોક્યુમેન્ટ તૈયાર કરવામાં આવ્યું હતું. જેમાં આ પાર્કિંગની વ્યવસ્થા ઊભી કરવાનું આયોજન પણ દર્શાવવામાં આવ્યું છે. જે અંતર્ગત શહેરના મેટ્રો સ્ટેશન પર પાર્કિંગ વ્યવસ્થાની જવાબદારી મહાનગરપાલિકા દ્વારા સંભાળવામાં આવશે.

મેટ્રો સ્ટેશન આસપાસના ૧૯ જેટલા સ્થળોએ પાર્કિંગની વ્યવસ્થાનું સક્રિય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૪૦૦ જેટલા ટુ વ્હીલર, ૭૦૦ જેટલા ફોર વ્હીલર અને ૧૪ જેટલા અન્ય વાહનો પાર્ક કરી શકાય તે પ્રકારે વ્યવસ્થા ગોઠવાશે. જોકે આ પાર્કિંગ પ્લેસ ઉભા કરતા પહેલા સ્થાનિક કોર્પોરેટરો અને આગેવાનો સાથે પરામર્શ પણ કરવામાં આવશે. એટલું જ નહીં આ પાર્કિંગ પ્લેસની સુરક્ષા માટે ફેન્સીંગ તેમજ બોલાર્ડનો ઉપયોગ પણ કરવામાં આવનાર છે.

### પાર્કિંગ પ્લેસથી અમદાવાદ ગાંધીનગરનો ટ્રાફિક પણ હળવો થશે

ગાંધીનગરથી અમદાવાદ જતા કર્મચારીઓ કે વેપારીઓ હાલ પાર્કિંગના અભાવે વાહનો લઈને જ અપડાઉન કરી રહ્યા છે પરંતુ પાર્કિંગ પ્લેસ ઉભા થઈ જશે તો તેમાં વાહન પાર્ક કરીને સરળતાથી મેટ્રોમાં બેસીને અમદાવાદના નિયત સ્થળ સુધી પહોંચી શકશે અને તેના કારણે અમદાવાદ ગાંધીનગર વચ્ચેનો ટ્રાફિક પણ ઘટી શકે છે.